# એક જ દિવસમાં રાજ્ય સરકારે ૯,૮૫૨ કરોડના એમઓયુ કર્યા

## ‘‘ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઇન્ડસ્ટ્રીઝ’ યોજના અન્વયે ૧૮ જેટલા એમઓયુ : રાજ્ય સરકાર સાથે વિવિધ ઉદ્યોગ જૂથોએ-રોકાણકારોએ કર્યા છે : ૧૧ હજારને નોકરી મળશે

ગાંધીનગર,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા આત્મનિર્ભર ભારતના કોલને સાકાર કરવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે વધુ એક કદમ ભર્યુ છે. મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં રાજ્યમાં ઉદ્યોગોને આત્મનિર્ભરતા માટે સહાયની “ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ’ યોજના રાજ્ય સરકારે ઓક્ટોબર-૨૦૨૨માં જાહેર કરેલી છે. આ યોજના અન્વયે રાજ્યમાં જુદા જુદા સ્થળોએ ઉદ્યોગો શરૂ કરવા રોકાણો માટેના ૧૮ જેટલા એમ.ઓ.યુ સોમવારે તા.૨૦મી ફેબ્રુઆરીએ એક જ દિવસમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં સંપન્ન કરવામાં આવ્યા છે. આ ૧૮ જેટલા બહુવિધ રૅ ને પરિણામે રાજ્યમાં ૯૮૫૨ કરોડનું સંભવિત રોકાણ તેમજ ૧૦,૮૫૧ સૂચિત રોજગારીની વ્યાપક તક ઊભી થશે. રૂ. ૯૮૫૨ના જે ૧૮ રૅ થયા છે તે પૈકી રૂ. ૫૭૩૩ કરોડના રૅ વિદેશી રોકાણકારોની સહભાગીતાથી થયા છે. તદ્અનુસાર, સુરતના પલસાણા તાલુકાના ઝોલવા ગામે રૂ. ૨૫૩૩ કરોડના મૂડીરોકાણ સાથે ગાર્ડન સિલ્ક મિલ્સ પ્રા. લિમિટેડ દ્વારા સંપૂર્ણ દોરેલા યાર્ન, ડ્રો ટેક્સ્ચ્યુરાઈઝ્ડ યાર્ન, પોલિસ્ટર ચિપ્સ/પીઈટી ચિપ્સના ઉત્પાદન માટેના પ્લાન્ટથી ૧૪૫૦ લોકોને સૂચિત રોજગારીની તક મળશે. ભરૂચ જિલ્લા દહેજ ખાતે એશિયન પેઈન્ટ્સ રૂ. ૨૧૦૦ કરોડના મૂડી રોકાણથી ફસ્ફ ના ઉત્પાદનનો પ્લાન્ટ શરૂ કરશે અને આ પ્લાન્ટ દ્વારા ૩૫૦ લોકોને સૂચિત રોજગારી પ્રાપ્ત થશે. આ ઉપરાંત મેનકાઈન્ડ લાઈફસાયન્સ પ્રા. લિમિટેડ વડોદરા ખાતે રૂ. ૧૧૦૦ કરોડનું રોકાણ કરશે અને તેનાથી ૧૦૦૦ જેટલી સૂચિત રોજગારીનું સર્જન થશે. ઉદ્યોગ મંત્રી બલવંત સિંહ રાજપૂતની ઉપસ્થિતીમાં થયેલા આ બહુવિધ રૅ અંતર્ગત મેન્યૂફેકચરીંગ, કેમિકલ્સ એન્ડ એગ્રોકેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ અને ફાર્મ ઈક્વીપમેન્ટ, હાઈડ્રોજન, ઈલેક્ટ્રીક ઓટોરિક્ષા સહિતના વિવિધ ક્ષેત્રોમાં ઉદ્યોગ રોકાણકારો અને રાજ્ય સરકારે રૅ કર્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારની આ ‘ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝનો યોગ્ય લાભ અને જરૂરી મદદ સહાય ઉદ્યોગોને પૂરી પાડવાની પ્રતિબદ્ધતા આ તકે દર્શાવી હતી. ઉદ્યોગ મંત્રી બલવંત સિંહ રાજપૂતે દેશના ગ્રોથ એન્જીન અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૮ ટકા જેટલો ફાળો ધરાવતા ગુજરાતની આ યોજના રાજ્યમાં વિદેશી મૂડીરોકાણ સહિત ઉદ્યોગ-રોકાણોને વધુ આકર્ષિત કરશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, જે ૧૮ જેટલા રૅ રાજ્ય સરકાર સાથે વિવિધ ઉદ્યોગ જૂથોએ-રોકાણકારોએ કર્યા છે તેના પરિણામે વડોદરામાં ૩, અમદાવાદના ભાયલામાં ૨, સાણંદમાં ૨, ભરૂચના દહેજ, સાયખા અને પાલેજ માં કુલ મળીને ૪, સુરતના પલસાણા અને સચિન માં કુલ-૨, કચ્છમાં ૧ અને સાબરકાંઠાના હિંમતનગરમાં ૨ ઉદ્યોગો આગામી ૨૦૨૫ સુધીમાં તેમનું ઉત્પાદન કાર્ય શરૂ કરશે.



# બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થી પાસેથી મોબાઈલ મળે તો પોલીસ ફરિયાદ થશે

## પેપર લીકની ઘટનાઓ બાદ સરકાર એક્શન મોડમાં : પરીક્ષા સ્થળની આસપાસ ઝેરોક્ષ મશીનો ચાલુ નહીં રાખી શકાય, ઈલેક્ટ્રોનિક્સ ગેઝેટ્સ સાથે નહીં રાખી શકાય

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં જુનિયર ક્લાર્ક સહિતના પેપર લીકની ઘટનાઓ બાદ રાજ્ય સરકાર હવે એક્શન મોડમાં આવી ગઈ છે. આગામી સમયમાં શરૂ થનારી ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ શરૂ થનાર છે. ત્યારે આ પરીક્ષાઓમાં કોઈ ગેરરીતીના થાય અને પરીક્ષાની ગોપનીયતા જળવાય તે માટે સરકારે સૂચનાઓ આપી દીધી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ચાર મહાનગરોના પોલીસ કમિશ્નર, તમામ જિલ્લા કલેક્ટર, પોલીસ વડાને પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં જણાવવામાં આવી રહ્યું છે કે, પરીક્ષામાં ગેરરીતી ના થાય અને પરીક્ષાની ગોપનીયતા જળવાય તેમજ કોઈ પણ વિદ્યાર્થી પાસેથી મોબાઈલ મળે તો પોલીસ ફરિયાદ કરવાની સૂચનાઓ આપી દેવામાં આવી છે.

બોર્ડની પરીક્ષા આગામી ૧૪મી માર્ચથી શરૂ થનાર છે જે ૨૯ માર્ચ સુધી ચાલશે. આ પત્રમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, આગામી સૂચનાઓ વીડિયો કોન્ફરન્સ થકી આપવામાં આવશે. પરીક્ષા સ્થળની આસપાસ ઝેરોક્ષ મશીનો ચાલુ નહીં રાખી શકાય. કોઈપણ ઈલેક્ટ્રોનિક્સ ગેઝેટ્સ પણ સાથે નહીં રાખી શકાય. જેથી જો પરીક્ષા ખંડમાં આવી કોઈ પણ વસ્તુ મળશે તો પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરવાની સૂચનાઓ આપી દેવામાં આવી છે.

# આગામી ૪૮ કલાક આકરા તાપમાં શેકાવા માટે તૈયાર રહેજો

## હવામાન વિભાગે કરી હીટવેવની આગાહી : ૫૦ વર્ષ બાદ ગુજરાત માટે હવામાન વિભાગ દ્વારા ફેબ્રુઆરીમાં હીટવેવની આગાહી કરવામાં આવી

અમદાવાદ, તા.૨૦

દર વર્ષે સામાન્ય રીતે ફેબ્રુઆરીમાં ઠંડીનું પ્રમાણ જોવા મળતું હોય છે અને માર્ચમાં હોળી બાદ ધીમે-ધીમે ગરમીનો અનુભવ થવા લાગે છે. પરંતુ આ વર્ષે એકદમ વિપરીત જ સ્થિતિ છે, ફેબ્રુઆરીના મધ્યથી ઉનાળાએ દસ્તક દીધી છે અને દિવસ જતાં પારો વધી રહ્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી બેવડી ઋતુ જોવા મળી રહી છે, બપોરે ગરમી અને મધ્યરાત્રિ બાદ ઠંડી. ગરમીને લઈને હવામાન વિભાગે મહત્વની આગાહી કરી છે. જે મુજબ, તાપમાન વધી રહ્યું છે અને આગામી સમયમાં લોકોએ આકરા તાપમાં શેકાવા માટે તૈયાર રહેવું પડશે. આશરે ૫૦ વર્ષ બાદ પહેલીવાર ફેબ્રુઆરીમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે, તેનો અર્થ એ થયો કે આ મહિનાના બાકીના દિવસોમાં લોકોને એપ્રિલ જેવી ગરમીનો સામનો કરવો પડશે. રાજકોટ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. રાજ્યમાં દક્ષિણપૂર્વીય પવનો ફૂંકાયા છે. આગામી ૪૮ કલાક હીટવેવની આગાહી આપવામાં આવી છે. જેના કારણે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં મહત્તમ તાપમાન ૩૭થી ૩૯ ડિગ્રી આસપાસ રહેશે તો અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી રહેવાની શક્યતા છે. ૪૮ કલાક બાદ તાપમાનમાં ઘટાડો થશે પરંતુ તે પણ ૨થી ૩ ડિગ્રી જેટલો જ. રવિવારે પણ અમદાવાદનું કાપમાન ૩૮ ડિગ્રી નોંધાયું હતું ગરમીના કારણે અત્યારથી જ રસ્તા પર લોકોની ઓછી અવરજવર જોવા મળી રહી છે. બેવડી ઋતુના કારણે લોકો રોગનો પણ ભોગ બની રહ્યા છે. ખાસ કરીને, બાળકો અને વૃદ્ધોમાં બીમારીનું પ્રમાણ વધારે જોવા મળી રહ્યું છે. શિવરાત્રી પહેલા જ ગુજરાતભરમાંથી શિયાળાએ વિધિવત્ રીતે વિદાય લીધી છે અને ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે.

# વડોદરામાં લાભાર્થી લોન લેટર એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયો

## વ્યાજખોરો સાથે ડાયરીવાળાને લઈને પણ હર્ષ સંઘવીનો એક્શન પ્લાન તૈયાર : લાભાર્થીઓને બેંક-લોન મંજૂરીપત્ર વિતરણ કાર્યક્રમ કાર્યક્રમનું આયોજન કરાયું હતું

વડોદરા,તા.૨૦

પોલીસ દ્વારા વ્યાજખોરોના આતંકમાંથી લોકોને છોડાવવા માટેની કવાયત હાથ ધરી છે. ત્યારે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા વ્યાજખોરોનીં ચૂંગાલમાં ફસાયેલા લોકોને તેમની ચૂંગાલમાંથી બહાર કાઢવા માટે પોલીસ દ્વારા જરૂરીયામંદ લોકોને બેંકમાંથી લોન અપાવી છે. ત્યારે સુરત, અમદાવાદ, વડોદરા તેમજ રાજકોટમાં પણ પોલીસ દ્વારા મેળાનું આયોજન કરી બેંકમાંથી લોકોને લોન અપાવી છે. ત્યારે આજે વડોદરામાં લોન લેનાર લાભાર્થીઓને બેંક-લોન મંજૂરીપત્ર વિતરણ કાર્યક્રમ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીની હસ્તે લોકોને ચેકનું વિતરણ કરાયું હતું.

વડોદરામાં વ્યાજખોરીના દૂષણ વિરૂદ્ધની ઝુંબેશ અંતર્ગત બેંક-લોન મંજૂરીપત્ર વિતરણ કાર્યક્રમ આજે રોજ યોજાયો હતો. જેમાં પોલીસે લોન મેળા દ્વારા જરૂરિયામંદ લોકોને લોન અપાવી છે. ત્યારે લોન લાભાર્થીઓને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે લેટર અપાયા છે. આ બાબતે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે વ્યાજખોરા કોરા ચેક અને કોરા સ્ટેમ્પ પર સહીઓ લઈ લે છે. આવું ચલાવનાર લોકોને ઠેકાણે પાડી દેવાનાં છે. ગરીબ માણસને પોલીસ કમિશ્નર મળી શકે તે વિચાવરા જેવી બાબત હતી.

# મહેસાણામાં સમૂહ લગ્નમાં બે પક્ષો વચ્ચે બબાલ, ખુરશીઓ ઊછળી

## સમૂહ લગ્નમાં કેટલાક લોકો નાચવા પહોંચી ગયા હતા જેમને રોકાતા તેઓએ ખુરશી ઊછાળી હોવાનો આક્ષેપ

મહેસાણા, તા.૨૦

મહેસાણામાં બે પક્ષો વચ્ચે બબાલ થતા લગ્ન સ્થળ પર આવેલા મહેમાનો ડઘાઈ ગયાં હતાં. બે પક્ષો વચ્ચે ખુરશીઓ ઉછળતાં જ મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. સમૂહ લગ્નમાં અચાનક બે પક્ષો વચ્ચે બબાલ થતાં નાસભાગ મચી જવા પામી હતી. આ મામલે બંને પક્ષોએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે મહેસાણાની ઈન્દિરાનગર વસાહત પાસે રોહિત સમાજના સમૂહ લગ્નનું આયોજન કરાયુ હતું. બે પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ કેટલાક લોકોએ એકબીજા પર ખુરશીઓ ફેંકવાનું શરૂ કર્યું હતું. સમૂહ લગ્નપ્રસંગમાં અચાનક જ ખુરશીઓ ઉછળવા લાગતા લોકોમાં દોડધામ મચી હતી.ફરિયાદી યુવકના જણાવ્યા પ્રમાણે આજે રોહિત સમાજના સમૂહ લગ્ન યોજવામાં આવ્યા હતા. જેમાં ચિત્રોડીપુરા વસાહત પાસે રહેતા લોકો સમૂહ લગ્નમાં નાચવા આવ્યા હતા. તેમને રોકવામાં આવતા કેટલાક યુવકોએ સમૂહલગ્નમાં પડેલી ખુરશીઓ ઉછાળીને મારામારી કરી હતી. જ્યારે સામા પક્ષે એક યુવકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, કુકસ રોડ પર યોજાયેલા સમૂહ લગ્નમાં તે પાણીની બોટલો વેચવા માટે ગયો હતો. આ સમયે રોહિત સમાજના આયોજકોની મંજૂરી બાદ પાણી વેચવાની શરૂઆત કરી હતી. આ સમયે જૈમીન ચૌહાણ નામના યુવકે આવીને ગાળાગાળી કરી હતી અને નજીકમાં પડેલી ખુરશી લઈ મારવા લાગ્યો હતો. સમગ્ર મારામારીની ઘટનામાં સમૂહ લગ્નમાં આવેલા મહેમાનોની ગાડીઓના કાચ પણ તોડી નાંખ્યા હતાં. આ મામલે બંને પક્ષે સામાસામી ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસ દંપતીની પોસ્ટિંગ બાબતે થઈ રહ્યો છે વિચાર

## IPS વિકાસ સહાય લઈ શકે છે એક મહત્વનો નિર્ણય : બદલી કરવામાં આવેલા આ PI અને SIને ફરીથી પોતાના કામ પર મોકલવા અને તપાસ શરુ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે

અમદાવાદ, તા.૨૦

IPS વિકાસ સહાયને ગુજરાત પોલીસના ઈનચાર્જ DGP બનાવવામાં આવ્યા છે. આ મોટી જવાબદારી મળ્યા પછી DGP વિકાસ સહાયે એક મહત્વનો નિર્ણય લીધો હોવાની જાણકારી સામે આવી રહી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, વિકાસ સહાય પોલીસ વિભાગમાં ફરજ બજાવતા પતિ-પત્નીને એક જ સ્થળે પોસ્ટિંગ આપવા બાબતે વિચારણા કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ, સુરત, વડોદરા તેમજ રાજકોટની ક્રાઈમ બ્રાન્ચ અને ATS સહિત મહત્વની એજન્સીઓમાં ચાલતી ગુપ્ત અને મહત્વપૂર્ણ તપાસ કરતા અધિકારીઓની ગુજરાત વિધાનસભાની ચૂંટણીને કારણે બદલી કરવામાં આવી હતી. બદલી કરવામાં આવેલા આ PI અને SIને ફરીથી પોતાના કામ પર મોકલવા અને તપાસ શરુ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે વિધાનસભાની ચૂંટણી સમયે ગુજરાત સરકાર દ્વારા ઈલેક્શન કમિશન સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પ્રેમવીરસિંહ, સુરત ક્રાઈમ બ્રાન્ચના રૂપલ સોલંકી સહિતના અધિકારીઓની જો બદલી કરવામાં આવશે તો મહત્વના કેસની તપાસ પ્રભાવિત થઈ શકે છે. ત્યારપછી તેમની બદલી અટકાવવામાં આવી હતી. નોંધનીય છે કે ક્રાઈમ બ્રાન્ચ, એટીએસ, આર્થિક ગુના નિવારણ શાખા વગેરે એજન્સીઓમાં અત્યંત મહત્વના કેસની તપાસ ચાલતી હોય છે, જેમાં સિનિયર અધિકારીઓની દેખરેખ અને માર્ગદર્શન જરૂરી હોય છે. જો ચૂંટણીને કારણે આ અધિકારીઓની બદલી કરવામાં આવે તો તેમનું કામ પ્રભાવિત થાય. માટે હવે જ્યારે ચૂંટણીનો અંત આવ્યો છે આ તમામ અધિકારીઓને પોતાની પોસ્ટિંગ પાછી સોંપવાનો આદેશ આપવામાં આવ્યો છે.

બીજો મહત્વનો નિર્ણય પોલીસ વિભાગમાં કામ કરતા દંપતીઓને ધ્યાનમાં લઈને લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે જો પતિ અને પત્ની બન્ને જ પોલીસ વિભાગમાં કાર્યરત હોય અને પત્નીની પોસ્ટિંગ કોઈ જિલ્લામાં હોય અથવા પતિની પોસ્ટિંગ અન્ય શહેરમાં હોય તો તેમના માટે પરિવારની દેખરેખ, ઘર ચલાવવા સહિતના કામ મુશ્કેલ બની જતા હોય છે. જો પતિ-પત્નીને એક જ જિલ્લા અથવા શહેરમાં તૈનાત કરવામાં આવે તો તેઓ પોતાના ઘરનું અને બાળકોનું ધ્યાન રાખી શકે. આ પ્રકારની રજૂઆત અગાઉ પણ કરવામાં આવી હતી જેના પર હવે અમલ કરવામાં આવશે.

# અમદાવાદમાં ૨૨-૨૩મીએ ‘થાઈલેન્ડવીક રોડ શો’ યોજાશે

## થાઈલેન્ડ વીક રોડ શો ૨૦૨૩માં થાઈલેન્ડના વિવિધ પ્રાંતમાંથી કુલ ૪૦ જેટલા સાહસિક પ્રદર્શનમાં ભાગ લેશે

અમદાવાદ, તા.૨૦

થાઈલેન્ડવીક રોડ શો ૨૦૨૩નું ભવ્ય આયોજન આગામી તા. ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન ગ્રેસિયા હોલ, વાયએમસીએ, અમદાવાદ ખાતે તથા તા. ૨૫, ૨૬, ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર સુરત ખાતે ડીઆટીપી દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું વ્યવસ્થાપન ઈન્ડો-થાઈ ચેમ્બર કરી રહ્યું છે. ઈન્ડો-થાઈ ચેમ્બર એમ.એસ.એમ.ઈના હબ તરીકે ઓળખાતા ગુજરાતને આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપારનું હબ બનાવવાની દિશામાં પ્રયત્નશીલ છે.

થાઈલેન્ડ વીક રોડ શો ૨૦૨૩નો ઉદ્?ઘાટન સમારોહ બુધવાર, તા.૨૨ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અમદાવાદ ખાતે યોજાશે. જેમાં ભારતમાં થાઈલેન્ડના એમ્બેસેડર માનનીય પટ્ટરત હોંગટોંગ મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદના પ્રમુખ પથિક એસ. પટવારી વિશેષ અતિથિ તથા રાજકોટના સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળના પ્રમુખ પરાગ તેજુરા અને એક્ઝિમ ક્લબ-વડોદરાના પ્રમુખ રાજન નાયર સમારોહમાં માનવંતા મહેમાન તરીકે સ્થાન શોભાવશે. થાઈલેન્ડ વીક રોડ શોમાં થાઈલેન્ડના વિવિધ પ્રાંતમાંથી કુલ ૪૦ જેટલા સાહસિકોએ પ્રદર્શનમાં ભાગ લીધો છે.

# સુમુલ ડેરીએ પ્રતિ કિલો ફેટના ભાવમાં વધારો કર્યો

સુરત,તા.૨૦

સુમુલ ડેરી દ્વારા પશુપાલકોના હિતમાં નિર્ણય લેવામાં આવ્યો છે. પશુપાલકોની આર્થિક પ્રગતિ થાય તે માટે ડેરી દ્વારા ગાય અને ભેંસ બન્નેના દૂધના ભાવમાં વધારાની જાહેરાત કરવામાં આવી છે. ડેરી દ્વારા ગાય અને ભેંસના દુધમા પ્રતિ કિલો ફેટ પર રૂપિયા ૩૦ જેટલો વધારો વધારો કરાયો છે. આથી પશુપાલકોમાં આનંદની લાગણી ફેલાઈ છે. સતત ખર્ચાળ બનતા જતા પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને આર્થિક સહયોગ મળે તે માટે લેવાયેલા નિર્ણયથી હવે ગાય અને ભેંસ બન્નેના દૂધના ભાવ ઊંચકાતા હવે ગાયના દૂધનો ભાવ ૭૫૦થી વધી રૂપિયા ૭૮૦ સુધી પહોંચ્યો છે. જ્યારે ભેંસના દૂધનો ભાવ ૭૮૦થી વધી રૂપિયા ૮૧૦એ સુધી પહોચી ગયો છે. ડેરી દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયથ સુરત અને તાપી પંથકમાં પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા અઢી લાખથી વધુ પશુપાલકોને સીધો જ ફાયદો થશે. આથી પશુપાલકોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યોં છે.

ઉલ્લેખનિય છે કે સુરત જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા દૂધ ઉત્પાદકોના હિતમાં અનેક નિર્ણય કરાયા છે જેમાં ગત ઓક્ટોબર માસમાં ભાવ વધારો કરવામાં આવ્યો હતો.

### લાલ આંખ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંકલન સાથે એક ટીમ બનાવી તંત્ર ત્રાટક્યુ હોઈ પરિણામલક્ષી કામગીરી થશે તેવી આશા નગરજનોમાં ઉભી થઈ છે.

ગાંધીનગર શહેરમાં દબાણ હટાવવાની કામગીરી લાંબા સમય બાદ હાથ ધરવામાં આવી છે. દબાણ અંગે અખબારોમાં પણ અહેવાલો પ્રગટ થઈ ચુક્યા છે તેથી તંત્રએ દરેક વિભાગોને સાથે રાખી દબાણ હટાવવાનું અભિયાન હાથ ધરેલ છે. એક મહિના સુધી આ ઝુંબેશ ચાલશે. શહેરના તમામ વિસ્તારોમાં તબક્કાવાર આ ઝુંબેશ ચલાવવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

### અંધારપટ છવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલવા નીકળતા આસપાસના વસાહતીઓએ પણ અહીંથી પસાર થવાનું ટાળવુ પડ્યુ છે. મેટ્રોની કામગીરી લાંબા સમય સુધી ચાલવાની હોઈ વીજપોલ બાબતે વૈકલ્પિક વ્યવસ્થા ઉભા કરવા વસાહતીઓ રજૂઆત કરી રહ્યા છે. રાત્રીના સમયે અંધારપટના કારણે અકસ્માત ન સર્જાય તેની પણ સાવચેતી રાખવી જરૂરી બની છે.

### મોટી તિરાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

બોર્ડમાં ઝીરો બેન્ડની પાસે હાઈવે પરનો એક નાનકડો ભાગ ધસી ગયો છે. તેઓએ જણાવ્યું કે, આ સિવાય હાઈવે પરની તિરાડો જે અગાઉ બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન દ્વારા સિમેન્ટથી ભરવામાં આવી હતી, તે ફરી શરુ થઈ ગઈ છે. એક વરિષ્ઠ જીઓલિસ્ટ કે જેમણે નામ નહીં આપવાની શરતે જણાવ્યું કે, જે સ્થળોએ તિરાડો દેખાઈ છે તેની નિષ્ણાંતો દ્વારા વિગતવાર તપાસ થવી જોઈએ. જેથી એ સ્થાપિત કરી શકાય કે તેનો એની સાથે સંબંધ છે કે નહીં. જો કે, ચોમોલી જિલ્લા મેજિસ્ટ્રેટ હિમાંશુ ખુરાનાએ એક રાષ્ટ્રીય મીડિયા આઉટલેટમાં ટાંક્યું હતું કે, એક ટીમ તિરાડોની તપાસ કરી રહી છે અને એ ચિંતાનું કારણ નથી. આ દરમિયાન જેબીએસએસના કન્વીર અતુલ સતીએ જણાવ્યું કે, આ તિરાડો ચિંતાનું એક મુખ્ય કારણ છે. બદ્રીનાથ હાઈવે પહેલેથી જ વરસાદના કારણે ધસી જવાનો સામનો કરી રહ્યો છે. ચાર ધામ યાત્રાના પીક ટાઈમે હજારો વાહનો રસ્તા પર દોડશે ત્યારે શું થશે એ અમને ખબર નથી. બદ્રીનાથ મંદિરના કપાટ આગામી ૨૭ એપ્રિલના રોજ ખુલશે. જ્યારે કેદારનાથની યાત્રા ૨૫ એપ્રિલથી શરુ થશે. સરકારે શનિવારે આની જાહેરાત કરી હતી. ગયા વર્ષે રેકોર્ડ ૧૭.૬ લાખ શ્રદ્ધાળુઓએ બદ્રીનાથના દર્શન કર્યા હતા. જે ૨૦૧૯ના ૧૨ લાખના આંકડાને પાર કરી ગયા હતા.

### જવાનો શહીદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ ગયા, નક્સલીઓ દ્વારા મોટરસાઈકલને પણ આગના હવાલે કરવામાં આવી છે. આની માહિતી મળતા જ સુરક્ષાદળને ઘટના સ્થળે રવાના કરવામાં આવ્યા છે. સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે. હાલ નક્સલી કેટલી સંખ્યામાં હતા અને ઘટનાક્રમને કઈ રીતે અંજામ આપવામાં આવ્યો તેની જાણકારી પોલીસ દ્વારા એકત્ર કરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે નક્સલી હિંસામાં બે જવાનોની શહાદત પર દુઃખ વ્યક્ત કર્યુ છે. તેમણે નક્સલી હુમલાની ઘટનાની આકરી ટીકા કરી છે તેમજ શહીદોના પરિજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા કહ્યુ કે પોલીસ જવાનોની શહાદત વ્યર્થ જવા દેશે નહીં.

ભાજપ નેતા અને પૂર્વ મંત્રી રાજેશ મૂનતે નક્સલી હુમલાને મુદ્દે મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ પર નિશાન સાધ્યુ છે. રાજેશ મૂનતે ટ્વીટમાં લખ્યુ કે નક્સલીઓનો ઉત્પાત ચાલુ છે. રાજનાંદગાંવ બાદ બીજાપુર, ભૈરમગઢમાં પણ એક મુખ્ય રક્ષકની હત્યાની માહિતીથી મન દ્રવી ઉઠે છે. ઈશ્વર જવાનની આત્માને શાંતિ આપે. તેમણે મુખ્યમંત્રીને પ્રશ્ન કર્યો કે હવે તો માનો કે તમે નક્સલવાદીઓનુ પ્રોત્સાહન વધાર્યુ છે.

### ઈડીના દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સત્ય સામે આવવાથી ભાજપ હવે હતાશ છે. આ રેડ ફકત ધ્યાન ભટકાવવા માટેનો જ પ્રયાસ છે.

ભૂપેશ બઘેલે ટ્વિટ કરીને જણાવ્યું કે, ઈડીએ છત્તીસગઢ પ્રદેશ કોંગ્રેસ કમિટીના ખજાનચી, પાર્ટીના પૂર્વ ઉપાધ્યક્ષ અને એક ધારાસભ્ય સહિત તમામ કોંગ્રેસી નેતાઓને ત્યા દરોડા પાડ્યા હતા. તેમણે કહ્યું કે ચાર દિવસ પછી રાયપુરમાં કોંગ્રેસનું મહાઅધિવેશન મળશે. તૈયારીમાં લાગેલા સાથીઓને આ રીતે અટકાવીને તમે તેમના દૃઢ સંકલ્પને તોડી નહીં શકો. દેશ સત્ય જાણે છે. અમે લડીશુ અને જીતીશું.

### આત્મનાદ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ઘણા હિંદી જવાનો થોડું કે ઘણું અંગ્રેજી ભણ્યા પછી પોતાની ભાષા ભૂલી ગયા હોય તેમ અથવા તો અંગ્રેજી વધારે ભારી છે એમ બતાવવા કે એવા બીજા કારણસર જ્યાં જરૂર નથી ત્યાં પણ અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરે છે. એકબીજાની સાથે વાતચીત કરતાં શુદ્ધ ગુજરાતી, શુદ્ધ હિંદી કે ઊર્દુ છોડી ભાંગેલું અંગ્રેજી બોલે છે.

કાગળ વહેવાર પણ એકબીજાની સાથે અંગ્રેજીમાં કરે છે. આમ કરનારા જવાનો સ્વદેશી જુસ્સો પરદેશી ભાષામાં પોતે ન સમજી શકે એવા ભારે ઈંગ્રેજી શબ્દો વાપરી બતાવે છે. ને પછી તેમ કર્યાની મગરૂરી માને છે. આ બહુ સાધારણ પણ ભારે દોષ છે. જે પ્રજા પોતાનું પ્રજાપણું રાખવા માગે તેને પોતાની ભાષાનો પ્યાર ને મમત્વ તો હોવા જ જોઈએ.’

ગુજરાતી ભાષા વિષે કંઈ વિચાર સંદર્ભિત ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૯ પાન ૨૦૭-૨૦૮ તા. ૩૦-૧-૧૯૦૯ તથા અક્ષરદેહ ભાગ-૯ પાનુ ૫૧૬-૫૧૭-૫૧૮ તા. ૨૦-૧૧-૧૯૦૯ના ગાંધીજીના લખાણો વાંચવાથી ગુજરાતી ભાષાની ગરીમા કેમ વધારવી તેનો અંગુલીનિર્દેશ અવશ્ય મળશે.

એક કડવું સત્ય એ પણ છે કે, આપણી માતૃભાષા ગુજરાતીનું ચલણ મરવા નથી પડ્યું પણ ઘાયલ તો જરૂર થયું છે. આની પાછળ આપણું ઘર પરિવાર જ જવાબદાર છે. જો તમે એવો આગ્રહ રાખો કે તમારું સંતાન માતૃભાષા શીખે તો દુનિયાની કોઈ તાકાત તમને એમ કરતાં રોકી શકે એમ નથી. આપણો ભારત દેશમાં બધી જ ભાષા માટે ખરા અર્થમાં મુક્તિ છે પણ આપણે જ એને કોઈ એક કહેવાતી વિદેશી ભાષાના કેદમાં મરવા માટે છોડી દીધી છે.

**ધબકાર :**

હડબડિયું ખાવ ત્યારે મ્હોમાંથી જે ‘ઓહ માં’ નિકળી જાય એ ‘માં’ એટલે માતૃભાષા ગુજરાતી.